Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૨૬ • તા. ૨૬ જુન ૨૦૧૭ થી ૦૨ જુલાઈ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## સમસ્ત લીડરશીપ સમીટ ૨૦૧૭ના કાર્યક્રમની તસ્વીરી ઝલક



સમગ્ર લીડરશીપ સમીટના પરિકલ્પનાકાર અને ઉદ્યમશીલ ઘડવૈયા નિશિથ આણંદીલાલ દંડ (વડોદરા) તથા સહસંયોજક રાજેશ મોમાયા (ચેન્નઈ)



વૃંદાબેન, નિરંજન મોમાયા, વિનોદ લોડાયા, મણીકાંત દંડ, કિશોર કુરૂવા, દિલીપભાઈ, રાજેશ મોમાયા તથા અન્ય



પ્રશિક્ષક નિર્મલ પારેખ અને ઉદાર સખી દાતા - જ્ઞાતિ અગ્રણી હંસ ભવાનજી ખીમજી



મુંબઈ મહાજનના પ્રમુખ કલ્પેશ મોતા, મોનિક ધરમશી (હૈદરાબાદ) અને અન્ય




મણીકાંત ધુલ્લા, હર્ષા ધરમશી, મહિમા દંડ (હુબલી), હેમા છેડા (બેંગલોર), વૃંદાબેન, વીણાબેન, મુંબઈ મહાજન ઉપપ્રમુખ લેરીન ખોના તથા અન્ય



સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ ચિમન મોતા તથા ટ્રસ્ટીઓ ઉત્તમ ખોના, વિણાબેન નાગડા, નિલેશભાઈ, સુધીરભાઈ, મુલચંદભાઈ, ચેતન મોમાયા, રાજેન્દ્ર ખોના, કલ્પેશ મોતા, બિપીન નાગડા, ચેતનભાઈ, દિપક પોલડીયા, અરવિંદ લોડાયા, લેરીન ખોના, ધનપતભાઈ અને ગુલાબભાઈ

## ''કચ્છ શક્તિ'' તરફથી થી સન્માનીત થયેલ ખમ્મા અમારા વિરાઓ



**શ્રી તરૂણ રતનશી લોડાયા**

''કચ્છ રતન''



**શ્રી મણીકાંત રતનશી લોડાયા**

''સમાજ સેવા''

સત્કાર્યો એવા કર્યા કે મેળવ્યું ''કચ્છ રતન''નું સન્માન
સમાજ સેવા એવી કરી કે મેળવ્યું ''સમાજ સેવા''નું સન્માન
હજી પણ આપના હાથે એવા સત્કાર્યો થતા રહે કે
આપની કિર્તી હિમાલયના શિખરો સુધી ફેલાય
એજ શુભ કામના આપના ભાઈ તથા બહેનો તરફથી

**ભાઈશ્રી**
દીપક રતનશી લોડાયા

**બહેનો**
સૌ. શોભા લલિત નાગડા
સૌ. તારા લલિત મોતા
સૌ. મનીષા કમલેશ મોતા

કિર્તીમાન એવા સ્થાપ્યા કે અપાવ્યું મને ''રત્નકુક્ષી'' માતાનું સન્માન
હજી ખૂબ ખૂબ આગળ વધો અને કુળનું ગૌરવ વધારો, શુભઆશીષ

જનેતા
**દમયંતી રતનશી લોડાયા**

**અભિનંદન** **અભિનંદન** **અભિનંદન**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 26/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# લીડરશીપ સમીટ - ૨૦૧૭

સમસ્ત મહાજને તા. ૧૮-૬-૨૦૧૭ના લીડરશીપ સમીટનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં કેડીઓ લીડરશીપના આવનારા વર્ષો માટેના ઉદ્દેશોની કાર્યસૂચિ ઘડી કાઢવા વિચારોનું મંથન કરવામાં આવ્યું.

આ સમીટને કેડીઓ સમુદાયવતી નિર્ણયો લેતા તથા તેનો અમલ કરતાં પદાધિકારીઓ કક્ષાના લોકો પૂરતું મર્યાદિત રાખવામાં આવ્યું હતું. જેમાં કેડીઓ મહાજનોના પદાધિકારીઓ નિર્ણય લઈને જ્ઞાતિ હિતના કાર્યો કરી શકે તેના માટે નિરિક્ષકોએ (Observer) પણ આમાં ભાગ લીધો હતો, જેથી એમના પણ અભિપ્રાય લઈને અંતિમ નિર્ણય લઈ શકાય. એકમના પદાધિકારીઓના પણ સુચન આવકાર્ય હતા.

આ લીડરશીપ સમીટ કેટલું સફળ રહ્યું તેના માટે આવેલા મહાનુભાવોના વિચારો જોઈએ.

પશ્ચિમ એકમના ઉપપ્રમુખ ની ચંદ્રેશભાઈ નાગડા (વડોદરા) એ કહ્યું કે સમસ્ત મહાજન લીડરશીપ સમીટના કન્વીનર શ્રી નિશિથભાઈ દંડ, સેક્રેટરી જનરલ શ્રી ચીનભાઈ મોતા અને વિદ્યાર્થી સંઘના યુવાનો તેમજ ચેન્નાઈ રહેતા શ્રી રાજેશભાઈ મોમાયા ના સહિયારો પ્રયાસો અને સખત મહેનતથી આ સમીટ સફળ રહ્યું. તેમ જ જ્ઞાતિ માટે આ દિવસ ભારે મહત્વપૂર્ણ રહ્યો. જ્ઞાતિની જરૂરિયાતો અંગે દરેક પગલાં સમજાવીને અને નિરાકરણ કાઢીને એના પર કામ કરવાના સારા ઉપાયો બતાવવામાં આવ્યા.

જ્ઞાતિની જરૂરિયાતોને, સમયની માંગને નજર સમક્ષ રાખીને સવારના ૯ થી સાંજના ૭ વાગ્યા સુધીના સળંગ કાર્યક્રમમાં જકડી રાખવામાં આવ્યા એ જેવી તેવી ઉપલબ્ધી નથી. (જમવા અને ચહાપાન માટે આખા દિવસમાં ફક્ત ૪૫ મીનિટ ફાળવવામાં આવી) દરેક જ્ઞાતિજને હોંશે હોંશે ભાગ લીધો.

ઘરના વડિલોથી જે કામ નથી થતું તે આ સમીટે કરી બતાવ્યું. બધાએ એ દિવસે મોબાઈલનો ઊપવાસ કર્યો. ભારત-પાકિસ્તાનની મૅચ હોવા છતાં કેડીઓની આ મૅચને પ્રાધાન્ય આપ્યું. જે આવેલા દરેક જ્ઞાતિજનનો જ્ઞાતિ પ્રેમ બતાવે છે.

દરેક જણ પોતાના વિચારો વ્યક્ત કરવા તલપાપડ હતો. નવું નવું જાણવા માગતો હતો અને પોતાના વિચારો એકાદ-બે વાક્યોમાં વ્યક્ત કરતો હતો. જેથી આવેલો દરેક જ્ઞાતિજન એની ભાષા સમજી શકે. સમાજને ઉપયોગી થાય, તે પૂર્ણતઃ નિષ્ઠાથી બોલતો હતો એ પણ સમીટની મોટી ઉપલબ્ધી ગણાય.

ખાસ કરીને નિશિથભાઈ અને નિર્મલભાઈ પારેખજીએ તો કમાલ કરી બતાવ્યું કે આટલી સહજતાથી જ્ઞાતિના અળકાતા પ્રશ્નોને વાચા આપી. આવેલા દરેક પ્રતિનિધિઓના અભિગમમાં સકારાત્મકતાના વિચારો ભર્યા. જરા પણ નકારાત્મક વાત થતી તો તુરન્ત એને સકારાત્મકતામાં પરિવર્તન કરી દેતા હતા.

ચંદ્રેશભાઈને થેંક્યુ કહ્યું તો તેમણે કહ્યું : No thanks it's our duty.

પશ્ચિમ એકમના સેક્રેટરી શ્રી મુકેશભાઈ લોડાયાના વિચારો જાણીએ : પરિવર્તન એ સંસારનો નિયમ છે. વર્ષોસુધી આપણે દાતાઓના પૈસાથી આવા કાર્યક્રમો કરતા હતા. જ્ઞાતિ ઈતિહાસમાં આ પ્રથમ વખત જોવા મળ્યું કે દરેક જ્ઞાતિજને પોતાના પૈસા ભરીને આ સમીટ સફળ કરી બતાવ્યું. ૨૧ મી સદીમાં આ પ્રથમ પગલાથી આપણે શુભ શરૂઆત કરી તે માટે આયોજકો ધન્યવાદને પાત્ર છે.

આ સમીટની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે વડોદરાના યુવાન ઉદ્યોગપતિ શ્રી નિશીથ આણંદીલાલ દંડ જેવા કુશળ મેનેજમેન્ટ ગુરૂ રૂપી લીડર આપણી સમગ્ર જ્ઞાતિને મળ્યા. જેમને જ્ઞાતિલક્ષી નિર્ણયો લેવા માટે સમસ્ત મહાજને એક હથ્થુ સત્તા આપી તે બદલ સમગ્ર જ્ઞાતિ સમસ્ત મહાજનના મોભીઓની ઋણી રહેશે.

યુવા લીડર નિશીથભાઈને મુંબઈના યુવા લીડરો કલ્પેશ મોતા, નયન ભેદા અને જયેશ

જૈનનો ઉષ્માભર્યો સાથ સહકાર અને જ્ઞાતિના મહાનુભાવો શેઠ શ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી તથા શ્રી મણિકાન્તભાઈ હીરજી ધુલ્લા અને કિરીટભાઈ લાપશીયાના અનુભવ સાથેના આશિર્વાદ થકી કે.ડી.ઓ. ઈન્ટરનેશનલનું વીઝન ઉત્તરોત્તર સફળતાને વરશે તેવા દૃઢ વિશ્વાસથી સૌ છુટા પડ્યા. – **પ્રવીણ લોડાયા** (વડોદરા)


## શ્રી મહાવીર એમ્બ્રોઈડરી

**માટુંગા.** ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટિસ્ટેડ જરીની સાડીઓ – ચણીયા ચોલી
- ઘરચોળાની બોર્ડરો – ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

**સોમવારે બંધ**


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 18% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

## મંજલ રેલડીયાની નિયાણીઓ જોગ...

શ્રી મંજલ રેલડીયાની મુંબઈમાં તથા મુંબઈની બહાર વસતી સર્વે ક.દ.ઓ. તથા ક.વિ.ઓ. નિયાણીબેનોએ પોતાનું સંપૂર્ણ નામ, એડ્રેસ તથા ફોન નંબર અને માવિત્રનું નામ નીચેના આપેલ સંપર્ક સૂત્રો પર એસ.એમ.એસ. અથવા વોટસઅપ કરવા વિનંતી. **લક્ષ્મીચંદ પાસુ ગોસર - ૯૮૨૦૩ ૫૨૩૯૧, રમેશ ખીમજી ગોસર ૭૦૨૧૮૧૪૦૫૨, ૯૩૨૩૫૯૨૮૫૧ તથા પ્રફૂલ ધનજી લોડાયા - ૯૯૨૦૫૬૦૦૩૨** ને ખાસ જણાવવા વિનંતી. જેનાથી મંજલ ગામે થતા દરેક કાર્યક્રમની જાણકારી આપને સુપેરે પહોંચાડી શકાય.

મંજલ ગામે નૂતન નિર્માણ થનાર ભોજનશાળા તથા અતિથિગૃહના વિવિધ ચડાવાનો કાર્યક્રમ તથા મંજલવાસીઓ અને નિયાણીબેનોનું સ્નેહમિલન **રવિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૭** ના રોજ **રામજી અંદરજી વાડી, માટુંગા (સે.રેલ્વે)** મધ્યે નવકારમંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુના રાહબરી હેઠળ યોજાનાર છે.

ઉપરોક્ત પ્રસંગે સર્વે મંજલવાસીઓ તથા નિયાણીબેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ...

રવિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૭ આપની ડાયરીમાં ખાસ નોંધી રાખશો....તે દિવસે અન્ય કોઈ કાર્યક્રમ ન ગોઠવતાં સ્નેહમિલનમાં પધારવા અદકેરું આમંત્રણ પાઠવીએ છીએ.

**લી. શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ - ટ્રસ્ટીશ્રીઓ**

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

આયોજીત

# ૭૮મો સમૂહ લગ્ન મહોત્સવ

**ફાગણ વદ ૩ રવિવાર, તા. ૦૪-૦૩-૨૦૧૮**

**લગ્નમાં જોડાવવા ઈચ્છુકે**

**તા. ૧૫-૦૧-૨૦૧૮ સુધી મુંબઈ મહાજનશ્રી કાર્યાલયથી ફોર્મ પ્રાપ્ત કરી વિધિવત ભરીને જમા કરાવવા.**

**કાર્યાલય સમય :**

**સોમવાર થી શનિવાર**
**બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મસ્જિદબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન- મુંબઈ

**આયોજિત**

## Master Chef 2017

આ હરીફાઈ ના મુખ્ય આકર્ષણ :

- ★ આ હરીફાઈ ક.દ.ઓ. ના ઇતિહાસ માં પ્રથમ વખત મુંબઈ માં ડિસેમ્બર ૨૦૧૭ માં આયોજન કરવામાં આવશે.
- ★ આ હરીફાઈ માં ફક્ત ક.દ.ઓ જ્ઞાતિ ના ૧૮ વર્ષ થી ઉપરના બહેનો તથા ભાઈઓ સ્થાનિક/દેશ અને વિદેશ થી ભાગ લઈ શકશે, તથા હરીફાઈમાં ફક્ત જૈન વાનગી/ડીશ/રસોઈ રહેશે.
- ★ હરીફાઈ માં ભાગ લેનાર સભ્યે ૨૫ જુલાઈ ૨૦૧૭ પહેલા ફોર્મ અને રેજીસ્ટ્રેશન ફી રૂા ૫૦૦/- (નોન રિફન્ડેબલ) મુંબઈ મહાજનની ઓફિસે ભરવાનાં રહેશે અથવા પેમેન્ટ તમે RTGS દ્વારા કરીશકશો.
- ★ ભાગ લેનાર દરેક ને શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તરફથી પ્રમાણપત્ર અને ઇનામ આપવામાં આવશે.
- ★ સેમી ફાઇનલ અને ફાઇનલ માં જજ તરીકે નમક-શમક ફેમ ના સેલિબ્રિટી શેફ હરપાલસીંગ સૌખી અને એમની ટીમ તથા ઓડિશનમાં પ્રોફેશનલ શેફ ની સેવા રહેશે.
- ★ આ લિંક ક્લિક અથવા બારકોડ સ્કેન કરીને , રેજીસ્ટ્રેશન ફોર્મ ડાઉનલોડ કરી અને સંપૂર્ણ વિગતવાર ફોર્મ ભરીને,શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ ઓફિસમાં જમા કરાવવું.

link : https://goo.gl/kQ86Rs

વધુ માહિતી તથા સંપર્ક માટે ઈ-મેલ: kdomasterchef@gmail.com


શ્રીમતી દક્ષા મોતા
૭૨૦૮૪૦૮૫૦૮

શ્રીમતી કલ્પના ધરમશી
૯૮૬૯૧૨૧૬૦૧

શ્રીમતી જસ્મીન મોમાયા
૯૩૨૪૦૫૮૪૧૨

**કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન,મુંબઈ**
**૩૦૨-૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, ખારેક બજાર,**
**અનંથનાથજી ચોક, મુંબઈ :- ૪૦૦ ૦૦૯**
**ફોને: +૯૧ - ૨૨ - ૨૩૪૪૮૨૭૪**

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

### એચ.એસ.સી./એસ.એસ.સી માં ઉતિર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન :

- છેલ્લા ૧૦ વર્ષથી વિદ્યાર્થીગૃહનું એચ.એસ.સી. તથા એસ.એસ.સી.નું પરિણામ ૧૦૦ ટકા આવતું રહ્યું છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ના એચ.એસ.સી. અને એસ.એસ.સી.માં દરેક વિદ્યાર્થીઓ ઉતિર્ણ થતા વિદ્યાર્થીગૃહનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે.

### ધોરણ ૧૨ : (એચ.એસ.સી)



**પ્રતિક નિલેશ મોતા - 83%**





**ભવ્ય મહેશ મોતા - 80%**



**માનવ શૈલેશ સોની - 76%**



**ચેતન પ્રદિપ લોડાયા - 72%**



**હર્ષ નયન નાગડા - 71%**



**વિશાલ ચેતન મોતા - 69%**



**સતીશ મહેન્દ્ર મૈશેરી - 67%**



**આદિત્ય રાજેશ મોતા - 62%**



**દર્પન પુનમચંદ મોતા - 52%**





**કુણાલ ચેતના ધરમશી - 50%**

### ધોરણ ૧૦ : (એસ.એસ.સી)



**દર્શન જીવાણી - 56%**

ઉતિર્ણ થયેલ દરેક વિદ્યાર્થીઓને તેમની સફળતા બદલ ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ તથા વિદ્યાર્થીઓના

**ખૂબ ખૂબ અભિનંદન...**

# શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યાછાત્રાલય, ઘાટકોપર

## એચ.એસ.સી./એસ.એસ.સી માં ઉતિર્ણ વિદ્યાર્થીનીઓને અભિનંદન :

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ના એચ.એસ.સી. અને એસ.એસ.સી.માં દરેક વિદ્યાર્થીનીઓ ઉતિર્ણ થતા છાત્રાલયનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે.

### ધોરણ ૧૨ : (એચ.એસ.સી)



કિના સંજય નાગડા - 75%



ચૈતાલી સુરેશ ધરમશી - 70%





નિતિ ચેતન છેડા - 62%



મુસ્કાન ખુશાલ મોમાયા - 54%

### ધોરણ ૧૦ : (એસ.એસ.સી)



જીનલ નરેન્દ્ર ધમરશી - 63%





ભુમિકા રાજેશ મોતા - 61%



ઉતિર્ણ થયેલ દરેક વિદ્યાર્થીનીઓને તેમની સફળતા બદલ
ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓના

**ખૂબ ખૂબ અભિનંદન...**



KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ ● ઈમેલ : anantnathtrust@gmail.com

## જાહેર આમંત્રણ

ટ્રસ્ટના ભાંડુપ (પશ્ચિમ) સ્થિત 'અનંત સિધ્ધિ' સંકુલનું રીડેવલપમેન્ટ (પુનર્વિકાસ) કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે, જે જ્ઞાતિજનોને સુવિદિત જ હશે.

ઉપરોક્ત બાબત સમાજના અગ્રણીઓ, કન્સ્ટ્રક્શન લાઈન સાથે સંકળાયેલ બિલ્ડર-ડેવલપર્સ, આર્કીટેક્ટસ્, એન્જીનીયર્સ, ઈન્ટીરીઅર ડીઝાઈનર્સ અને અન્ય નિષ્ણાતો ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્, કાયદાના નિષ્ણાતોના સલાહ-સૂચનો મેળવવાના હેતુથી એક સભાનું આયોજન કરવા ટ્રસ્ટ ઈચ્છુક છે.

ઉપર જણાવ્યા મુજબના સમાજના જે કોઈ ભાઈ-બહેનો સભામાં પધારી, સલાહ-સૂચનો આપવા ઈચ્છુક હોય તેમણે ટ્રસ્ટને લેખિતમાં/ઈ-મેલથી ઉપરોક્ત સરનામે, તા. ૧૫-૦૭-૨૦૧૭ સુધીમાં પોતાના નામ, સરનામા તેમજ મોબાઈલ નંબર સાથે જાણ કરવા નમ્ર વિનંતી. તા. ૧૫-૦૭-૨૦૧૭ થી ૩૦ દિવસમાં સભાનું આયોજન કરવામાં આવશે.

સભામાં હાજર રહેવા ઈચ્છુકોની સંખ્યાના આધારે સભા માટે હૉલનું બુકીંગ કરી સભાના દિવસ-તારીખ-સમયની જાણ કરી શકાશે.

જ્ઞાતિજનો જરૂરથી પોતાનો કિમતી સમય ફાળવશે એવી અપેક્ષા છે.

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ**

નોંધ : ઉપરોક્ત વિગતમાં કોઈ શબ્દ ફરક હોય તો દરગુજર કરશો.

**રિદ્ધી સિદ્ધી ગોલ્ડ**



ઘડામણીમાં 50% off

GST પહેલા ફાયદો ઉપાડો

આ ઓફર ૨૪ જૂન ૨૦૧૭ થી

Riddhi Siddhi Gold

7, Eknath Apt. NX, M. G. Road,
Opp. Kirti Mahal Hotel, Near Panch Rasta,
Mulund (West), Mumbai - 400 080.

આ ઓફર દરમ્યાન ગુરૂવાર શોરૂમ બંધ રહેશે.

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ


વરાડીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦ ૪૯૦.

**મુંબઈ ઓફીસ :** C/o. સૌ. આશા દીપક ગંગાજર ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: **95948 71898 / 96195 15511**

ઈમેલ : varadiyajainderasar@gmail.com


૧૧૪ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થ જ્યાં દેવ વિમાન જેવું મનોહર જિનાલય અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદા બીરાજમાન છે એવા જિનાલયનો જિર્ણોધ્ધાર એવમ્ જિનાલય સંકુલનું નવનિર્માણ તથા શાંતીનાથ દાદાની પ્રતિમાજીનું જિનાલય પ્રવેશ અને દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પુનઃ પ્રતિષ્ઠા નિમિત્તે ભવ્યાતિ ભવ્ય ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન સંવત ૨૦૭૩ જેઠ સુદ ૧,૨,૩ - શુક્ર-શની-રવિવાર તા. ૨૬-૨૭-૨૮ મે, ૨૦૧૭ દરમ્યાન શિવમસ્તુ તીર્થના સ્વપ્ન દ્રષ્ટા તથા પ્રેરક પ.પૂ. મુનિરાજ શ્રી મહાભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય રત્ન પ્રખર પ્રવચનકાર પ.પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. ના શિષ્ય રત્નો **પ.પૂ. મુનિ શ્રી મલયસાગરજી મ.સા.** તથા **પ.પૂ. મુનિશ્રી રત્નાકરસાગરજી મ.સા.** તેમજ પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રથમ શિષ્યા **પ.પૂ. સા. જયધર્માશ્રીજી મ.સા.** તેમજ **પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની પાવન નિશ્રામાં ખૂબજ આનંદ અને ઉલ્હાસપૂર્વક ઉજવાયો.

મહોત્સવની શરૂઆત તો કંકુ છાંટીને આત્મીય આમંત્રણ પત્રિકા મોકલાવી ત્યારેજ થઈ. પત્રિકાના સૌજન્ય દાતા **મા. જેતબાઈ વેલજી મુલજી મોમાયા (માવાણી)** પરિવાર હસ્તે **નુરેશ મોમાયા.** મહોત્સવના પ્રથમ દિવસે સવારના ૯.૩૦ ક.થી વિવિધ પૂજનો થી મહોત્સવની શુભ શરૂઆત થઈ જેમાં વિવિધ સ્થાપના અનુષ્ઠાનોના લાભાર્થી પરિવારોએ લાભ લીધો. સિધ્ધચક્ર યંત્ર તથા થાળના લાભાર્થી **મા. લીનાબેન મધુકાંત ભવાનજી મોમાયાના પરિવાર** જનોએ વાજતે ગાજતે યંત્ર-થાળ શ્રી મહાજનને અર્પણ કરેલ. બપોરના ૧૨.૩૯ ક. થી શ્રી સિધ્ધચક્ર મહાપૂજનમાં ૨૨ જેટલા વિવિધ પૂજનોનું આયોજન શાસ્ત્રોક્ત વિધી થી કરવામાં આવેલ. લાભાર્થી પરિવારોએ ઉછળતા ભાવે લાભ લીધો. સાંજના ૮ કલાકે વડીલ વંદના તથા શ્રી મહાકાલી માતાજીની ભાવના રાખવામાં આવેલ. વડીલ વંદનાના કાર્યક્રમમાં ૭૦થી વધુ ઉમરના વડીલ ભાઈ-બહેનોની ટ્રસ્ટી ગણ તથા વડીલોના પરિવાર જનોએ દૂધ-જલથી પગ ધોઈને વંદના કરી. શ્રી મહાકાલી માતાજીની ભાવનાના લાભ **શા. લહેરચંદ રતનશી પાસ્વીર ડાઘા, ભાંડુપ-મુંબઈ પરિવારે** લીધેલ.

મહોત્સવના દ્વિતીય દિવસે સવારના ૭ કલાકે શ્રી શાંતીનાથ દાદાના નગર પ્રવેશ પ્રસંગે સૌના હૈયા હિલોડે ચડ્યા. દેરાસરની પંચતીર્થ પ્રતિમા સાથે રથયાત્રામાં વિવિધ થાળ લઈને લાભાર્થી પરિવારોએ ગામના ભાગોળે શ્રી શાંતિનાથ દાદાને વધાવવા વાજતે ગાજતે ચતુર્વિધ સંઘે સાથે પ્રયાણ કર્યું. રથયાત્રામાં શણગારેલી બગીમાં દાતા પરિવાર શાંતીનાથ દાદાને લઈને અને વેલવાળા ગાડામાં દાતા પરિવાર પંચતીર્થ પ્રભુજીને લઈને બેઠેલા ત્યારે તો એવું લાગ્યું કે જાણે ઈન્દ્ર પૃથ્વી પર પ્રભુને પધરાવવા આવેલા છે અને દેવલોક જેવું વાતાવરણ નિર્માણ થયું. રથયાત્રામાં ધૂપ, દીપ, ચામર, ઝાલર, ધારાવડી, ઘોડા ઉપર સવાર છડીદાર તથા બાકુડા અને ઢોલ શરણાઈના મંગલ સૂરો સાથે રથયાત્રાની શરૂઆત થઈ ત્યારે તો લાગ્યું કે ધન્ય દિન-ધન્ય ઘડી-ધન્ય પળ. જિનાલયમાં પધારતા દાદાને પોંખવાના આવ્યા. સવારના ૯.૩૦ ક. શ્રી દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ની પુનઃ પ્રતિષ્ઠા નિમિત્તે વિવિધ પૂજનો શાસ્ત્રોક્ત રીતે કરવામાં આવેલ. શુભ મુહૂર્તે **શ્રી દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.**ની પુનઃ પ્રતિષ્ઠા તથા **શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**ની ગાદીની પુનઃ સ્થાપના કરવામાં આવેલ.

બપારેના ૪ કલાકે જિનાલય સંકુલમાં બહોળી મેદની વચ્ચે અને ઢોલ શરણાઈના તાલે વિવિધ દાતાશ્રીઓના પરિવાર જનોના હાથે કુંભ સ્થાપન કરી તક્તિ અનાવરણ કરવામાં આવેલ.

રાતના ૮.૩૦ ક. ચડાવા લેનારા લાભાર્થી પરિવાર જનો કુમારપાળ રાજા-રાણી તથા રાજમાતા બગીમાં તથા નગરશેઠ-શેઠાણી ખુલ્લી ગાડીમાં નગરજનો સાથે વાજતે ગાજતે ચિંતામણિ નગરીમાં પધાર્યા જ્યાં કુમારપાળ રાજાનો દરબાર ભરાયો અને જૈન ધર્મના ઉજ્જવલ ઈતિહાસની ઝાંખી થઈ. કાર્યક્રમ દરમ્યાન **સૌ. સુપ્રિયા આકાશ લોડાયા**એ સંગીતના તાલે નૃત્યો કરી સૌને મન મોહીત કર્યા.

કાર્યક્રમ પછી ૧૦૮ દિવાની આરતી સંગીતના તાલે કરવામાં આવેલ ત્યારેતો એમજ લાગ્યું કે તારલાઓ આસમાનમાંથી

**શ્રી વરાડીયા જિનાલય જિર્ણોધ્ધાર તથા સંકુલ નવનિર્માણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ : મે ૨૦૧૭**

ઉતરીને જિનાલયના પ્રાંગણમાં પ્રભુજીની આરતી ઉતારી રહ્યા છે. દાંડીયા-રાસમાં ભાવિકો મન મૂકીને ઝૂમ્યા.

મહોત્સવ તૃતીય દિવસે સવારના ૯ ક. દાતાશ્રીઓની અનુમોદના/બહુમાન તથા વરસીતપના આરાધકોની અનુમોદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ભગીરથ કાર્યમાં સહભાગી થયેલા સર્વે દાતાશ્રીઓનું સન્માન કરી અનુમોદના કરવામાં આવી. મહોત્સવની યાદગીરી માટે ખાસ બનાવેલ ચાંદીનો ૧૦ ગ્રામનો સિક્કો દરેક લાભાર્થી પરિવારોને સન્માન વખતે અપાયેલ. તે વખતે ઉપસ્થિત ન રહેનાર સર્વે લાભાર્થી પરિવાર જનોને મુંબઈથી સિક્કો મેળવી લેવા વિનંતી છે.

ગુરુપૂજનનો લાભ **મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા પરિવારે** લીધેલ અને અંતે મહોત્સવ દરમ્યાન જે કોઈ પણ ભાઈ બહેનો પોતાનું તન-મન-ધનથી યોગદાન આપ્યું તે સૌ કોઈનો આભાર માનવામાં આવ્યો. બપોરના ૩ ક. શ્રી પાર્શ્વ પંચકલ્યાણક પૂજા **મા. મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા** તરફથી ભણાવવામાં આવેલ. મહોત્સવ દરમ્યાન ત્રણે દિવસે સ્વામી ભક્તિ રાખવામાં આવેલ જેમાં નવકારશી બપોરની સાધર્મિક ભક્તિ, બપોરની ચા, સાંજની ચૌવિહાર ભક્તિ તથા અલગ અલગ દિવસે ફ્રુટ ડીશ, શેરડીનો રસ તથા ઠંડાગાર ગોલાની સૌએ મજા માણી. દાતાશ્રીઓએ ઉદાર દિલે સ્વામી ભક્તિ કરી.

મહોત્સવ દરમ્યાન મુંબઈ તથા દેશ દેશાવરથી લગભગ ૩૦૦ જેટલા ભાવિકો પધારેલા અને સ્થાનિકો, બહારગામથી પધારેલા વરાડીયા વાસીઓના આમંત્રિત મહેમાનો, નિયાણી બહેનો (કેટલાક સજોડે) મળીને લગભગ ૩૫૦ જેટલા ભાવિકોની હાજરી રહી. ખાસ મહેમાનોમાં **શ્રી જયંતીલાલ ભવાનજી સોની** (સુથરી), **શ્રી પ્રવીણભાઈ હંસરાજ લોડાયા** (આરીખાણા), **શ્રી પ્રેમચંદ શામજી મોમાયા** (સાંયરા), **શ્રી કિર્તીભાઈ પદમશી લોડાયા** (સુથરી), **શ્રી મણીલાલ શામજી મોમાયા** (સાંયરા), **શ્રી હિરાચંદ દામજી ધ્રોળ** (સાંયરા) વગેરેનો સમાવેશ થાય છે.

ભોજનશાળામાં મનગમતા અને ભાવતા ભોજનની વાનગીઓનો રસ થાળ **શ્રી નરેન્દ્રભાઈ દામજી લોડાયા** અને સાથીદારોએ પીરસ્યો જેનો સ્વાદ દરેકની જીભે હજી પણ છે.

વિધિકાર **શ્રી કેવલ શાહ** અને એમના સાથીઓએ સંપૂર્ણ શાસ્ત્રોક્ત રીતે પૂજનો કરાવ્યા. શ્રી કેવલ ભાઈના મુખેથી વહેતી અસ્લખીત ધર્મની વાણીમાં સૌ તરબોળ તથા વિષયની રજુઆત અને સૌને મંત્રમુગ્ધ કરતી એમની સંમોહન કરનારી વાણી એટલે જાણેકે સરસ્વતી એમના જીભના ટેરવે બેઠી છે એવું જ પ્રતીત થાય. તેમને સંગીતકાર **શ્રી કિશોર સંગાર** તથા મંડળીએ સંગીતના સુરોને સાધનો દ્વારા સારો સાથ આપ્યો.

વરાડીયા બસ સ્ટેન્ડ થી લઈને ભોજનાશાળા સુધીનું નાકાનું ડેકોરેશન (સજાવટ), મંડપનું ડેકોરેશન અને વિધી વિધાન માટેનું મંડપ ''ચિંતામણિ નગરી''ને જોતાં એમજ લાગે જાણે કે સ્વર્ગ ધરતી ઉપર ઉતરી આવ્યું છે. **શ્રી કિરણ લખમશી મોતા** (નલીયા)ની મંડપ સજાવટની ફાવટ સૌને મંત્રમુગ્ધ કરી ગઈ. જિનાલયને પણ સુંદર રીતે શણગારવામાં આવેલ.

કાર્યક્રમ દરમ્યાન સર્વ સાધારણ ફંડ માટે શ્રી કેવલ શાહના સૂચન મુજબ પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂા. ૨૩૦૦૦/- ના અનુદાન માટેની જાહેરાત થતાં જ ૧૭ જેટલા નામો દાતાશ્રીઓ તરફથી મળ્યા. આના ફંડ અને જીવદયા ફંડમાં પણ સારો પ્રતિસાદ મળ્યો. મહોત્સવ દરમ્યાન ત્રણે દિવસે **મા. સોનબાઈ વિસનજી દામજી મોમાયા** તથા **શા. લહેરચંદ રતનશી ડાઘા પરિવારો** તરફથી ગાયોને ચારો નાખી જીવદયાનો લાભ લીધેલ. ત્રિહાન્હિકા મહોત્સવને અનુલક્ષીને **સૌ. ગીતાબેન વિનોદ ડાઘા** તરફથી વિપુલ પ્રમાણમાં અષ્ટપ્રકારી પૂજા સામગ્રી જિનાલયને ભેટ આપવામાં આવી. ઉપાશ્રયના નવનિર્માણ માટે પૂ. ગુરુદેવે સૌને પ્રતિબોધ્યા.

મહોત્સવ દરમ્યાન પધારેલા ભાવિકો માટે વરાડીયા ઉપરાંત કોઠારા, સાંધવ, સાંયરા વગેરે સ્થળે રહેવા માટે વ્યવસ્થા કરવામાં આવેલ. અવર જવર માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવેલ. માદરે વતન જતી વખતે અને વળતી મુસાફરી વખતે પણ ચા, નાસ્તા, ચૌવિહાર, ભોજન તથા વાહન વ્યવસ્થા કરવામાં આવેલ.

મહોત્સવ દરમ્યાન આંગીની સજાવટ **સૌ. લીલાવંતીબેન મેઘજી ખીમજી મોમાયા**એ કરેલ. દેરાસરના સ્ટાફનું સન્માન કરી તેમની સેવાને બીરદાવવામાં આવી. મહોત્સવ દરમ્યાન પક્ષાલ, પૂજા, આરતી વગેરેનો લાભ લઈને ભાવિકો ધન્ય બન્યા.

શ્રી અરિહંત ઈન્ફ્રાટેકવાળા **શ્રી હરીશભાઈ વિકમશી**એ સંકુલ નવનિર્માણનું કાર્ય તથા **શ્રી સંજયભાઈ સોમપુરા**એ જિનાલય તથા પ્રવેશ દ્વારના જિર્ણોધ્ધારનું કામ ખૂબજ સરસ રીતે કરેલ છે. આર્કીટેક **શ્રી મનોજભાઈ મકદાની**એ પોતાની આગવી સૂઝથી નવનિર્માણ કાર્યમાં સાથે આપેલ છે.

સમગ્ર કાર્યક્રમને કચકડામાં કેદ કરીને **શ્રી કમાલ ધીનમામદે** ચીર સ્મરણીય બનાવી દીધી. **મહારાજા ટ્રાન્સલાઈને** મુંબઈથી કચ્છ સામાનની હેરફેર ફ્રીમાં કરી આપી.

**શ્રી વરાડીયા જિનાલય જિર્ણોધ્ધાર તથા સંકુલ નવનિર્માણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ : મે ૨૦૧૭**

આવા ભગીરથ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેમણે પણ કાર્યકર્તા તરીકે સ્વેચ્છાએ નોંધપાત્ર યોગદાન આપી ટ્રસ્ટીગણ તથા મહોત્સવના કન્વીનર **શ્રી મનીષ લહેરચંદ ડાઘા**ને સાથ સહકાર આપ્યો તે સર્વેનો ખૂબ ખૂબ આભાર.

લી.

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ

**શ્રી અમૃતલાલ લધાભાઈ મોમાયા** (મેનેજીંગ ટ્રસ્ટી) - પુના

| | | | |
|---|---|---|---|
| **શ્રી ચેતન શાંતીલાલ ડાઘા** (સેક્રેટરી) | - મુલુંડ | **સૌ. આશા દીપક ડાઘા** (ટ્રેઝરર) | - મુલુંડ |
| **શ્રી વિનોદ કુલીનકાંત ડાઘા** | - મુલુંડ | **શ્રી તિલકચંદ કરમચંદ વિકમશી** | - હુબલી |
| **શ્રી હીરાચંદ ભવાનજી મોમાયા** | - વર્સોવા | **શ્રી હરીશ ધનજી ડાઘા** | - ભાંડુપ |
| **શ્રી હેમંત ગુલાબચંદ મોમાયા** | - મુલુંડ | **શ્રી નલીન રતનશી ડાઘા** | - થાણા |
| **મા. લીના મધુકાંત મોમાયા** | - મુલુંડ | **શ્રી હેમાંગ મણીકાંત મોમાયા** | - હૈદરાબાદ |

**ત્રિહાન્હિકા મહોત્સવના મુખ્ય આધાર સ્થંભ :**

## માતુશ્રી લતાબેન મણીકાંત મેઘજી મોમાયા, હૈદ્રાબાદ

### મહોત્સવના પ્રથમ દિવસે સવારે વિવિધ સ્થાપનાના લાભાર્થી પરિવારજનો

**કુંભ / દીપક : શા. દીપક ઉત્તમચંદ ડાઘા,** મુલુંડ   **ક્ષેત્રપાળ દાદા : શા. ધનજી દેવશી મોમાયા,** મુલુંડ

**જવારા રોપણ : શા. ચેતન શાંતિલાલ ડાઘા,** મુલુંડ   **તોરણ : મા. લીલાવંતીબેન ધનજી નરશી મોમાયા,** ડોંબિવલી

### મહોત્સવના પ્રથમ દિવસે બપોરે સિદ્ધિચક્ર પદ પુજનના લાભાર્થી પરિવારજનો

અરીહંત : **શા. દીપક ઉત્તમચંદ દેવજી ડાઘા, મુલુંડ**

| | | | |
|---|---|---|---|
| સિદ્ધ | : મા. ગોરબાઈ ભવાનજી માણેક મોમાયા, મુલુંડ | ગુરૂ પાદુકા | : મા. નેણબાઈ મણશી કાનજી દંડ, ઘાટકોપર |
| આચાર્ય | : મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી | આધ્યાય દેવી | : સૌ. મમતા હેમંત ગુલાબચંદ મોમાયા, મુલુંડ |
| ઉપાધ્યાય | : મા. હીરબાઈ રતનશી પાશ્વીર ડાઘા દીકરીઓ પરિવાર | જયાદિ આદિ દેવી | : મા. સોનબાઈ લાલજી વેલજી લોડાયા, ડોંબિવલી |
| સાધુ | : સૌ. ગીતાબેન વિનોદ કુલીનકાંત ડાઘા | વિદ્યા દેવી | : સૌ. સુપ્રિયા આકાશ દીપક લોડાયા, સાંયરા-પૂના |
| સમ્યક દર્શન | : શા. પૃથ્વીરાજ નારાણજી શામજી મોમાયા, માટુંગા | ૧૪ યક્ષ | : સૌ. કીંજલ જય હરીશ ડાઘા, ભાંડુપ-મુંબઈ |
| સમ્યક જ્ઞાન | : સ્વ. શા. સોમીલ કીરીટ હંસરાજ ડાઘા, મુલુંડ | ૨૪ યક્ષીણી | : મા. લતાબેન મણીકાંત મેઘજી મોમાયા, હૈદ્રાબાદ |
| ચારિત્ર | : શા. લહેરચંદ રતનશી પાશ્વીર ડાઘા, ભાંડુપ | વીર અને દ્વારપાળ | : મા. હિરબાઈ રતનશી પાશ્વીર ડાઘા પૌત્રી-દોહિત્રી પરિવાર |
| સમ્યક તપ | : સૌ. વિજયાબેન મહેન્દ્ર દેવજી ખોના, અમદાવાદ | દસ દીક્પાલ | : સૌ. મીનલ અમિત લક્ષ્મીચંદ નાગડા, પરજાઉ-નાસિક |
| સ્વર વ્યંજન | : સૌ. આશા દીપક ગંગાજર ડાઘા, મુલુંડ | નવગ્રહ | : શા. હીરાચંદ ભવાનજી મોમાયા, વર્સોવા |
| લબ્ધિ | : કુ. જેનીષા મોમાયા / કુ. કાવ્યા મોમાયા<br>હ. કુંવરજી આણંદજી મોમાયા, ભાંડુપ | નવનિધિ | : સૌ. ડીમ્પલ કિશોર સતરા, મુંબઈ |
| | | ભૂત બલિ | : શા. પદમશી ચત્રભોજ ડાઘા, અમદાવાદ |

૧૦૮ દિવાની આરતી : **શા. કુંવરજી આણંદજી મોમાયા તથા મા. કુંવરભાઈ ચત્રભોજ ભીંયશી ડાઘા પરિવાર**

મંગલ દિવો/શાંતિ કળશ : **મા. સોનબાઈ લાલજી વેલજી લોડાયા,** ડોંબિવલી

### જિનાલયમાં મુળનાયક પછવાડે રજત ઢાળવાળા પોઠીયાના લાભાર્થી પરિવારો

શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી : **મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા,** હુબલી

શ્રી ચંદ્રપ્રભુ સ્વામીજી : **શ્રી લહેરચંદ રતનશી ડાઘા,** ભાંડુપ

શ્રી આદીનાથજી : **સૌ. ગીતાબેન વિનોદ કુલીનકાંત ડાઘા,** મુલુંડ

## મહોત્સવના દ્વિતિય દિવસના વિવિધ લાભાર્થી પરિવારો

**શ્રી શાંતિનાથ દાદાની રજની પંચતીર્થી પ્રતિમા અર્પણ**
**સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા, ભાંડુપ-વરાડીયા**

### દાદાસાહેબની પુનઃપ્રતિષ્ઠા નિમિત્તે વિવિધ પૂજનના લાભાર્થી પરિવારજનો

| | | |
|---|---|---|
| નવગ્રહ પાટલા પૂજન | : | દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની નૂતન દેરી અર્પણના લાભાર્થી પરિવાર<br>**સૌ. ગુણવંતીબેન જયંતીલાલ લધાભાઈ મોમાયા,** બેંગલોર |
| દસ દિક્પાલ પાટલા પૂજન | : | દાદાસાહેબની પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર<br>**સૌ. ભાવનાબેન અમીત શાંતીલાલ મોમાયા,** ભાંડુપ-મુંબઈ |
| અષ્ટ મંગલ પાટલા પૂજન | : | શાંતિનાથ દાદાની પ્રતિમાના લાભાર્થી પરિવાર<br>**સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા,** ભાંડુપ-મુંબઈ |

### શ્રી શાંતિનાથ દાદાના નગરપ્રવેશ વખતે રથ તથા વિવિધ થાળના લાભાર્થી પરિવારજનો

| | | |
|---|---|---|
| **જિનાલયના પંચતીર્થ પ્રભુજીને રથમાં પધરાવી સામૈયો** | : | **સ્વ. વિપુલ નવિનચંદ્ર, સ્વ. હિરેન ભદ્રીચંદ તથા સ્વ. સોમીલ કિરીટના સ્મરણાર્થે મા. સોનબાઈ વિસનજી દામજી મોમાયા પરિવાર, મુંબઈ** |
| માણેક દિવો થાળ | : | શ્રી વરાડીયા જૈન મહિલા મંચ કમીટી મેમ્બર, મુંબઈ |
| અષ્ટમંગલ પાટલી થાળ | : | મા. લક્ષ્મીબાઈ પીતાંબર લધાભાઈ ડાઘા હ. હીરાચંદભાઈ, મુલુંડ |
| કુંભ અષ્ટમંગલ થાળ | : | શા. દીપક ઉત્તમચંદ દેવજી ડાઘા, મુલુંડ |
| અક્ષત થાળ | : | શા. રતીલાલ આણંદજી દંડ, મુલુંડ |
| અંગલૂછણા થાળ | : | મા. ઝવેરબાઈ સોજપાર વિશનજી મોતા, કુવાપધર-ડોંબિવલી |
| ફળ-નૈવેદ્ય થાળ | : | શા. ચેતન શાંતીલાલ ડાઘા, મુલુંડ |

| | | | |
|---|---|---|---|
| ધૂપ | : શા. ચેતન શાંતીલાલ ડાઘા | ઝાલર | : ચિ. તીર્થ દીપક કાંતિલાલ મોમાયા |
| દીપક | : સ્વ. દીપક રાઘવજી કાનજી મોમાયા | ધારાવાડી/છડીદાર | : શા. ધીરેશ મણીલાલ ભવાનજી મોમાયા |
| ચામર | : સૌ. વીણા અશોક દેવશી દંડ | બાકુળા ઉડાવવા | : ચિ. શ્લોક / નમન જતીન રતીલાલ દંડ |

### કુમારપાળ રાજાની મહાઆરતી પૂર્વે રાજ દરબારના પાત્રોના લાભાર્થી પરિવારજનો

| | | |
|---|---|---|
| **રાજા-રાણી** | : | **સૌ. અલકા તથા શ્રી ચેતન શાંતીલાલ ડાઘા, મુલુંડ** |
| **રાજમાતા** | : | **મા. લતાબેન મણીકાંત મેઘજી મોમાયા, હૈદ્રાબાદ** |
| **નગરશેઠ-શેઠાણી** | : | **સૌ. કીંજલ તથા શ્રી જયકુમાર હરીશ ડાઘા, ભાંડુપ** |
| **દ્વારપાળો** | : | **૧) શ્રી વ્યોમ દીપક ઉત્તમચંદ ડાઘા, મુલુંડ**<br>**૨) શ્રી દીપ હેમંત ગુલાબચંદ મોમાયા, મુલુંડ** |

### જિનાલયની ૧૧૪મી સાલગીરા - ધ્વજારોહણ

વરાડીયા તીર્થે સં. ૨૦૭૩ શ્રાવણ સુદ પાંચમના ૧૧૪મી સાલગીરી નિમીતે સ્વ. વિપુલ નવીનચંદ મોમાયાના સ્મરણાર્થે મા. સોનબાઈ વિસનજી દામજી મોમાયા પરિવાર તરફથી ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન છે. તા. ૨૭/૭/૨૦૧૭ શ્રાવણ સુદ ચોથના પ્રભુજીના ૧૮ અભિષેક, તા. ૨૮/૭/૨૦૧૭ શ્રાવણ સુદ પાંચમના સત્તરભેદી પુજા તથા ધ્વજારોહણ અને તા. ૨૯/૭/૨૦૧૭ શ્રાવણ સુદ છઠના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા. સર્વે ભાવિકોને પધારવા નિમંત્રણ છે.

**ત્રિહાન્હિકા મહોત્સવના સહાયક આધાર સ્થંભ -**
**માતુશ્રી મણીબેન મધુકાંત મોમાયા, અંકલેશ્વર • સ્વ. શૈલેશ મણીલાલ શામજી મોમાયા, વાપી**

**શ્રી વરાડીયા જિનાલય જિર્ણોધ્ધાર તથા સંકુલ નવનિર્માણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ : મે ૨૦૧૭**

## જિનાલય જિર્ણોદ્ધાર એવમ્ સંકુલ આંશિક નવનિર્માણ માટે સહયોગી દાતાશ્રી પરિવારોની તક્તિ અનાવરણ

**મુખ્ય પ્રવેશ દ્વાર : શ્રી મણીકાંત મેઘજી દેવશી મોમાયા, હૈદ્રાબાદ**

**આરાધના ભવન : મા. કુંવરબાઈ ભવાનજી કાનજી સોની (જયંતભાઈ), જુહુ-મુંબઈ**

**વિવિધલક્ષી હૉલ : મા. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી, હુબલી**

**ઉપકરણ ભંડાર પ્રવેશ દ્વાર : સૌ. હેમલતાબેન શાંતીલાલ કુંવરજી પટેલ (મોમાયા), ભાંડુપ-મુંબઈ**

**જિનાલય જિર્ણોધ્ધાર સહાયક આધાર સ્થંભ : મા. સરલાબેન પ્રતાપ રામજી ડાઘા, મુલુંડ-મુંબઈ**

**જિનાલય જિર્ણોધ્ધાર સહાયક આધાર સ્થંભ : મા. રાજબાઈ કેશવજી વેલજી મોમાયા, ભાત બજાર-મુંબઈ**

**જિનાલય જિર્ણોધ્ધાર સહાયક આધાર સ્થંભ : શ્રી રાજસ્થાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જયનગર, બેંગ્લોર**

**જિનાલય જિર્ણોધ્ધાર સહાયક આધાર સ્થંભ : શ્રી આદિનાથ શ્વેતાંબર જૈન ટેમ્પલ ટ્રસ્ટ, ચીકપેટ, બેંગ્લોર**

**જિનાલય જિર્ણોધ્ધાર સહાયકશ્રી : શ્રી ઘૃતકલ્લોત પારસનાથ જૈન દેરાસર અને સાધારણ ફંડસ્, સુથરી-કચ્છ**

**શ્રી દાદા સાહેબની પુનઃ પ્રતિષ્ઠા : સૌ. ભાવનાબેન અમીત શાંતીલાલ મોમાયા (પટેલ), ભાંડુપ-મુંબઈ**

**દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજીની દેરી અર્પણ : સૌ. ગુણવંતીબેન જયંતીલાલ લધાભાઈ મણશી મોમાયા, બેંગ્લોર**

નૂતન કાર્યાલય : સ્વ. શા. રમેશ ભવાનજી કાનજી સોની (ભાવિનભાઈ) જુહુ-મુંબઈ

ગોચરી કક્ષ : સૌ. ગીતાબેન વિનોદ કુલીનકાંત ડાઘા, મુલુંડ-મુંબઈ

જ્ઞાનભંડાર-લાયબ્રેરી : મા. લક્ષ્મીબેન મણીલાલ ભવાનજી મોમાયા, મુલુંડ-મુંબઈ

ઉપકરણ કક્ષ : મા. સોનબાઈ વિસનજી દામજી મોમાયા

ફૂલવાડી પ્રવેશ દ્વાર : સ્વ. શા. મહેન્દ્ર હંસરાજ ડાઘા, સાયન-મુંબઈ

આંગી-પુજારી કક્ષ : સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા, ભાંડુપ-મુંબઈ

પૂજોપકરણ કક્ષ : મા. લક્ષ્મીબેન મણીલાલ ભવાનજી મોમાયા, મુલુંડ-મુંબઈ

પાણીની પરબ : મા. સોનબાઈ લાલજી વેલજી લોડાયા તથા અન્ય પરિવારજનો

કેશર રૂમ : મા. નિર્મલાબેન નારાણજી શામજી મોમાયા, માટુંગા-મુંબઈ

તિલક-નમણ સ્ટેન્ડ : મા. મણીબાઈ વેલજી ડોશાભાઈ ડાઘા, મુલુંડ-મુંબઈ

**ભોજનશાળા કાયમી નિભાવ : મા. માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, પુના-બેંગ્લોર**

**અતિથિગૃહ નૂતનીકરણ : શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ, મલકાપુર**

**જીવદયા માટે વિશિષ્ટ દાન/ચબુતરો અર્પણઃ સૌ. હેમલતાબેન શાંતીલાલ કુંવરજી પટેલ, ભાંડુપ-મુંબઈ**

### જિનાલય જિર્ણોદ્ધાર ફંડના વિશિષ્ટ સહયોગી પરિવારજનો

### શા. ચંદુલાલ કાનજી મોમાયા

**સૌ. અલકા ચેતન શાંતિલાલ ડાઘા**

**મા. પુરબાઈ કુંવરજી જેઠાભાઈ દંડ**

સૌ. મમતા હેમંત ગુલાબચંદ મોમાયા

મા. કસ્તુરબાઈ દામજી વેલજી ડાઘા

મા. કુંવરબાઈ ચત્રભોજ ખીંયશી ડાઘા

શા. કરમચંદ આણંદજી વિકમશી

શા. કુંવરજી આણંદજી મોમાયા

**શ્રી વરાડીયા જૈન મહિલા મંચ તથા નિયાણી બેનો**

**મા. હીરબાઈ મેઘજી દેવશી મોમાયા**

મા. લીલાવંતી દામજી જેઠાભાઈ દંડ

મા. લીનાબેન મધુકાંત ભવાનજી મોમાયા

શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ, મુંબઈ

મા. સુમતીબાઈ સોમચંદ / મા. મીઠીબાઈ ત્રીકમજી દંડ

મા. લક્ષ્મીબાઈ મુલજી પરબત લોડાયા / પીર પરિવાર

**શ્રી વરાડીયા જિનાલય જિર્ણોધ્ધાર તથા સંકુલ નવનિર્માણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ : મે ૨૦૧૭**

## સાધારણ ફંડના વિશિષ્ટ સહયોગી પરિવારજનો

| | |
|---|---|
| મા. હિરાબેન ગુલાબચંદ પાશ્વીર મોમાયા | શા. કેશવજી કુંવરજી મોમાયા |
| મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા | શા. ભરત હંસરાજ પરબત ડાઘા |
| મા. લક્ષ્મીબાઈ હેમરાજ હીરજી મોમાયા | શા. પ્રેમચંદ હંસરાજ વીરજી ડાઘા |
| મા. જયાબેન ધનજી પાશ્વીર ડાઘા | શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ, મુંબઈ |
| મા. સરોજબેન દામજી આણંદજી વિકમશી | મા. લક્ષ્મીબાઈ નેણશી લાલજી મોમાયા |
| સ્વ. દિપક રતનબાઈ રાઘવજી મોમાયા | મા. ચંદનબેન દેવશી રતનશી લોડાયા |

મા. લક્ષ્મીબેન મુલજી પરબત લોડાયા / પીર પરીવાર

## ત્રિહાન્હિકા મહોત્સવ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભાર્થી

**તા. ૨૬.૫.૨૦૧૭**

| | |
|---|---|
| નવકારશી | : મા. હીરબાઈ નરશી વિસનજી માવાણી, કોઈમ્બતુર |
| બપોરે ભોજન | : મા. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી, હુબલી |
| બપોરે ચા | : મા. વાલબાઈ શામજી હીરજી મોમાયા, ડોંબિવલી |
| ફ્રૂટ ડીશ | : મા. મણીબેન મધુકાંત પાશ્વીર મોમાયા, અંકલેશ્વર |
| ચોવિહાર | : મા. માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, પૂના-બેંગ્લોર |

**તા. ૨૭.૫.૨૦૧૭**

| | |
|---|---|
| નવકારશી | : મહેન્દ્ર / ભરત / કીરીટ હંસરાજ ડાઘા, મુંબઈ |
| બપોરે ભોજન | : શા. લહેરચંદ રતનશી પાશ્વીર ડાઘા, ભાંડુપ, મુંબઈ |
| બપોરે ચા | : મા. મણીબાઈ વેલજી ડોશાભાઈ ડાઘા, મુલુંડ, મુંબઈ |
| શેરડી રસ | : સ્વ. જીગર મુકેશ જીવરાજ મોમાયા, લોનાવાલા |
| ચોવિહાર | : મા. માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, પૂના-બેંગ્લોર |

**તા. ૨૮.૫.૨૦૧૭**

| | |
|---|---|
| નવકારશી | : મા. સોનબાઈ લાલજી વેલજી લોડાયા, ડોંબિવલી |
| બપોરે ભોજન | : શા. નરશી જેઠાભાઈ દંડ, મલકાપુર |
| બપોરે ચા | : મા. હીરાવંતી ગુલાબચંદ પાશ્વીર મોમાયા, મુલુંડ |
| ઠંડાગાર ગોલા | : મા. મણીબાઈ મધુકાંત પાશ્વીર મોમાયા, અંકલેશ્વર |
| ચોવિહાર | : મા. માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, પૂના-બેંગ્લોર |

### અષ્ટપ્રકારી પુજા - નકરો રૂા. ૫૦૦૦/-

ઑક્ટોબર ૨૦૧૭ થી સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી દર મહિના માટે અષ્ટપ્રકારી પુજાનું દાતા સૌજન્ય આવકાર્ય છે. ઑક્ટોબર થી ડિસેમ્બર ૨૦૧૭ તથા મે ૨૦૧૮ ના નામ આવી ગયા છે. એક મહિનામાં એક જ નામ. ૧૨ મહિના માટે સંકુલમાં બેનર પર નામ રહેશે. ભાવિકોને લાભ લેવા વિનંતી છે.

સંપર્ક : **89760 17830 / 87677 53082**

### પર્યુષણ પર્વ - સાધર્મિક ભક્તિ

પર્યુષણમા શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ ૬ ની સાધર્મિક ભક્તિ માટે દાતા સૌજન્ય આવકાર્ય છે. નકરો શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ ૫ - રૂા. ૧૫,૦૦૦/-, ભાદરવા સુદ ૬ - રૂા. ૨૧,૦૦૦/-, શ્રાવણ વદ ૧૩, ભાદરવા સુદ ૧/૨ના નામ આવી ગયા છે.

સંપર્ક : **89760 17830 / 87677 53082**

## શ્રી શાંતિ-કલ્યાણ નિધી સાધારણ ફંડ (રૂા. ૨૩,૦૦૦/- દર વર્ષે પાંચ વર્ષ સુધી અનુદાન અથવા રૂા. ૧,૧૫,૦૦૦/- નું એકી સાથે અનુદાન)

| | |
|---|---|
| સૌ. આશાબેન દીપક ગંગાજર ડાઘા, મુલુંડ | મા. લક્ષ્મીબેન મણીલાલ ભવાનજી મોમાયા, મુલુંડ |
| સૌ. અલકાબેન ચેતન શાંતીલાલ ડાઘા, મુલુંડ | મા. ભાગબાઈ પાશ્વીર માલશી મોમાયા, અંકલેશ્વર |
| સ્વ. શા. મહેન્દ્ર હંસરાજ પરબત ડાઘા, સાયન | મા. લીનાબેન મધુકાંત ભવાનજી મોમાયા, મુલુંડ |
| સૌ. ધારિણી દીપક ઉત્તમચંદ ડાઘા, મુલુંડ | મા. ચંદનબેન દેવશી રતનશી લોડાયા, ઘાટકોપર |
| શ્રી દેશાંક મનોજ ઝવેરચંદ મોમાયા, કલવા | મા. કુંવરબાઈ ચત્રભોજ ભીંયશી ડાઘા, અમદાવાદ |
| શ્રી નિમેશ ચીમનલાલ મુલજી મોમાયા, ભાંડુપ | સ્વ. શા. સોમીલ કીરીટ હંસરાજ ડાઘા, મુલુંડ |
| શ્રી લહેરચંદ રતનશી ડાઘા, ભાંડુપ | શા. શાંતીલાલ કુંવરજી રામૈયા પટેલ (મોમાયા) |
| મા. લક્ષ્મીબેન મણીલાલ ભવાનજી મોમાયા, મુલુંડ | વરાડીયાની નિયાણી બેનો |

સ્વ. શા. કાંતીલાલ ભવાનજી મોમાયા હસ્તે વીણા દંડ

**(આ શાંતિ - કલ્યાણ નિધી સાધારણ ફંડમાં નામ નોંધાવી સુકૃતના કાર્યમાં સાથ આપો, પાંચ વર્ષ બાદ જિનાલય પરીસરમાં તક્તી પર નામ મુકાશે.)**

**શ્રી વરાડીયા જિનાલય જિર્ણોધ્ધાર તથા સંકુલ નવનિર્માણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ : મે ૨૦૧૭**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિની એક ખાસ સભા રવિવાર, તા. ૫-૩-૨૦૧૭ના બાલમંદિર, અનંતનિવાસ, મુંબઈ-૯ ખાતે મળી હતી. પ્રમુખશ્રીએ નીચે જણાવ્યા મુજબની નવી વ.પ. સમિતિની રચનાની જાહેરાત કરી હતી.

ગવર્નર - શ્રી ખુશાલચંદ ધનજી ધરમશી, ડે. ગવર્નર - શ્રી કલ્પેશ માણેકજી મોતા, શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના, શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા (શાહ), શ્રી મહેશ ખીમજી લાલકા, શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા, મા. મંત્રીઓ - શ્રી શિરીષ દેવજી મૈશેરી (શાહ) અને કિરીટ ખેતશી મુનવર (શાહ), કોષાધ્યક્ષ - શ્રી મુલચંદ પદમશી મોતા અને શ્રી ભરત શામજી છેડા.

સભાસદો - રાજેન્દ્ર ચીમનલાલ મોમાયા, રાજેશ દિનેશ ધરમશી, લેહરચંદ આણંદજી ખોના, પ્રબોધ હિરાચંદ મુનવર, વિનોદ ખીમજી લોડાયા, મનીષ ભવાનજી લોડાયા, તીલકચંદ જે. ખોના, મુકેશ માણેકજી લોડાયા, ભુપેન્દ્ર કસ્તુરી દંડ, જયેશ ભાગચંદ ધરમશી, રમેશ મુલજી લોડાયા, ડાયમંડ અશોક દંડ, જલ્પા ઉત્તીન લોડાયા, ઉદય કુંવરજી મોતા, કમલેશ મુલચંદ સોની.

આમંત્રિત સભ્યો - શ્રી હંસકુમાર ભવાનજી ખીમજી, પારસ પદમશી મૈશેરી, કુંવરજી (રમેશ), મેઘજી મોતા, નિરંજન કેશવજી મોમાયા, વીરચંદ ચાંપશી ધરમશી, નયન અશોક ભેદા, પ્રવિણ હંસરાજ લોડાયા.

પ્રમુખશ્રી ખુશાલચંદ ધરમશીએ વસતીપત્રકની મોબાઈલ એપના નવા સુધારેલ ફોરમેટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી કિરીટ મુનવરે નવી ફોર્મેટની વિશેષતાઓ મોબાઈલ માધ્યમ દ્વારા સમજાવી/દેખાડી હતી. અને આ નવા ફોર્મેટને વધુમાં વધુ જ્ઞાતિભોગ્ય બનાવવાની જાહેરાત કરી હતી. મોબઈલ એપ પર મરણ, પ્રાર્થનાના સમાચાર કંઈ પણ ચાર્જ કર્યા વગર અપાય છે. મહાજનો/સંસ્થાનો પોતાના આગામી કાર્યક્રમની સૂચના જ્ઞાતિજનોને/ગામવાસીઓને મોબાઈલ એપ દ્વારા આપી શકે છે. કાર્યક્રમની તારીખ સુધી મજકુર કાર્યક્રમની સુચના રોજેરોજ ''કેડીઓ ઈવેન્ટ''માં અપાય છે. જન્મ, સગપણ, લગ્નના સમાચાર નિઃશુલ્ક અને પાસ થવાના સમાચાર, એનીવર્સરી, બર્થડે, પુણ્યતિથી અન્ય સમાચાર માટે નોમીનલ ચાર્જ રખાયા છે. મહાજનો/સંસ્થાઓના કાર્યક્રમની માહિતી/રિપોર્ટ નિઃશુલ્ક એક વખત અપાય છે. સંસ્થાઓ/વ્યાપારી પ્રતિષ્ઠાનો પોતાની જાહેરાત પણ આપી શકે છે. હજી વધુ સેવાઓ આપવાની તૈયારી છે. શક્ય છે રોજબરોજના સમાચાર ખબરપત્રિકાની જેમ આપવામાં આવશે.

આગામી બે મહિનામાં જ્ઞાતિનું ૮મું વ.પ. વેબસાઈટ પર જોઈ શકાશે. વ્યક્તિગત વિગતો (જન્મ તારીખ, એડ્રેસ, ફોન નં. સિવાય જે વ.પ. બુકમાં અપાશે) જ્ઞાતિજનોએ આપેલ માહિતી મુજબ દર્શાવેલ છે. જ્ઞાતિજનોની વિગતો જ્ઞાતિપત્રમાં આવેલ વિગતો અનુસાર અપડેટ થાય છે. તેમાં ફેરફાર/સુધારા વધારા હોય તો વેબસાઈટ પર મુકાય પછી બે મહીનામાં જણાવવા વિનંતી.

જ્ઞાતિનું ૮મું વસતીપત્રક ૨૦૧૭ અંતમાં કે ૨૦૧૮ ના શરૂઆતમાં બહાર પાડવાની યોજના છે. પુસ્તકરૂપે વ.પ.બહાર પાડવા શ્રેષ્ઠીવર્યશ્રી હંસકુમાર બી. ખીમજીએ દ્રવ્ય સહાયની ખાત્રી આપેલ છે. આ તકે અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. જ્ઞાતિજનોને પોતાના કુટુંબની યાદગીરીઓ/ધંધાની જાહેરાત આપીને આ મહાકાર્યમાં સહાયરૂપ થવા વિનંતી છે.

આપના કુટુંબના ફેરફાર આપ પોતે રજીસ્ટર થઈને પોતાની મેળે કરી શકો છો. પુસ્તક સ્વરૂપે કદાચ ૮મું વ.પ. છેલ્લું પુસ્તક હશે. અતઃ સૌને પોતાના કુટુંબ/પરિવારની ક્ષતિરહિત વિગત વ.પ.માં છપાય તે માટે અમને સહાયરૂપ થવા વિનંતી છે. આ રેકોર્ડ આપને ભવિષ્યમાં ઘણા પ્રકારે કામ આવી શકે છે.

**- કિરીટ ખેતશી મુનવર** (માનદમંત્રી)

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**
**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

**ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**

**ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન**

સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ)**, બાયઠવાળા

**099798 55686**

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ગદગ ખાતે વરસીતપના તપસ્વીઓનું બહુમાન

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન દ્વારા વરસીતપના તપસ્વીઓનું સન્માન કરવાનો કાર્યક્રમ બુધવાર, તા. ૧૦-૬-૨૦૧૭ના પ.પૂ. જગવલ્લભસાગરજી મ.સા. તથા પ.પૂ. નરેશમુની આદી ઠાણાની નિશ્રામાં કરેલ. પ્રથમ મહાજનશ્રી તરફથી સન્માન કર્યા બાદ અન્ય સંસ્થાઓ તરફથી કરવામાં આવેલ. પ.પૂ. જગવલ્લભસાગરજી મ.સા. વરસીતપ નિમિત્તે કામળી ઓઢાડી સન્માન કરેલ ત્યાર બાદ ૧) શ્રી કાંતીલાલ પદમશી મોતા, ૨) શ્રી હર્ષદ સુંદરજી પાસડ, ૩) શ્રીમતી ગીતા સતીશ લુઠીયા, ૪) શ્રીમતી મુલકુમારી કુમારપાળ લાલકા, ૫) શ્રીમતી કિર્તી હર્ષદ પાસડનું સન્માન કરેલ.

### નાશિક સમાચાર

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા., આચાર્ય ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. અન્ય આદિ ઠાણા-૪ સાથે તા. ૧૦-૦૬-૨૦૧૭ સવારના નાશિક નગરે પ્રવેશ વખતે કે.ડી.ઓ. મહાજને એમનું ભવ્ય સ્વાગત કરેલ. શ્રી પ્રદીપ પદમશી લોડાયા (જખૌ)ના ઘરે ગુરૂભગવંતોએ વસ્તી રોકાણ કરેલ, આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. વ્યાખ્યાન આપેલ. શ્રી પ્રદીપભાઈ પદમશી લોડાયા (જખૌ) પરિવાર તરફથી નવકારશી -જમણ-ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. નાશિક મહાજનના પ્રમુખ શ્રી રાજેશભાઈ પોલડિયા, શ્રી વીરચંદભાઈ ધરમશી તથા મુલુન્ડથી શ્રી કિર્તિભાઈ લોડાયા તથા સ્થાનિકેથી બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ પધાર્યા હતા.

### શ્રી વિમલનાથ દાદાના મોક્ષકલ્યાણકની ઉજવણી

કેડીઓ ભવન, વડોદરા ખાતે જેઠ વદ ૭ને શુક્રવાર તા. ૧૬-૬-૨૦૧૭ના રોજ શ્રી વિમલનાથ દાદાના જિનાલયે તેમના મોક્ષકલ્યાણક અને આપણા ગચ્છાધિપતિ તપચક્રવર્તિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીના ૫૦-૫૦ વર્ષના લગાતાર વરસીતપના ઉજમણાં નિમિત્તે અ.સૌ. રેવંતીબાઈ ઠાકરશી પદમશી પનપારિયાએ સામુહિક આયંબિલ કરાવવાનું આયોજન કરેલ. સવારે વિમલનાથદાદાના દરબારે સ્નાત્ર મહોત્સવ, બપોરે આયંબિલ કરાવ્યા બાદ લાભાર્થી પરિવાર તરફથી દરેકને પ્રભાવના કરી અનુમોદના કરાઈ. તો આંયબિલ કરનાર ભક્તજનોએ પ્રભાવના કરી.

### તિરૂપુર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ

તિરૂપુર ખાતે બાનુ હૉસ્પિટલમાં સતત પચાસ મહિનાથી દર મહિનાના બીજા-ત્રીજા અને ચોથા રવિવારે બ્લડ ડોનેશન કેમ્પ યોજાય છે. તા. ૧૮-૬-૨૦૧૭ના રોજ આયોજીત કેમ્પમાં કે.ડી.ઓ. સમાજના સતીષ એચ. નાગડાએ લગભગ ૫૦મી વાર રક્તદાન કર્યું હતું.

### કારંજા મુર્તિજાપુર સમાચાર

તા. ૧૮-૦૬-૨૦૧૭ ની મિટીંગ પાયલ જીનન લોડાયાના ઘરે રાખવામાં આવી હતી. નવકાર મંત્રથી શરૂઆત થઈ. ત્યારબાદ બે ગેમ રમાડવામાં આવી હતી. પહેલી ગેમ નીંબૂ ચમચીની હતી તેમાં પ્રથમ વિજેતા સૌ નેહલ આશિષ મોતા અને દ્વિતીય વિજેતા ભારતી સુધીર મોતા હતા. બીજી ગેમ પેપર પર ડ્રોઈંગ કાઢવાની હતી તેમાં પ્રથમ વિજેતા સૌ. હિના જયેશ લોડાયા અને દ્વિતીય વિજેતા સૌ. કેતકી દિપક ગોસર હતા. વિજેતાઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



Luxury Facilities in Budget Class
HOTEL TAN-MAN Continental
RAJGIR
✆ : 09546910708
H.O.: TAN MAN TOUR & TRAVELS
✆ : 93233 60708 / 25903514/15/16
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


જ્ઞાતિના પ્રખર પત્રકાર....
**વડીલશ્રી ચન્દ્રસેનભાઈ મોમાયા**
ને આદરાંજલી....

કે.ડી.ઓ. CA એસોશિએશનની GSTપર આયોજાયેલ સેમીનારની સરાહના સહ અનુમોદના.

**- ચિમન મોતા • તન-મન પરિવાર**


શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN, JHARKHAND

## સાંયરા સમાચાર

તા. ૮-૬-૨૦૧૭ના માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં રતીલાલભાઈ ધ્રોળ, શ્રીમતી ખમાવંતીબેન ખોના, કસ્તુરીબેન લોડાયા તથા મહેન્દ્રભાઈ લોડાયા સારી રમઝટ બજાવેલ. જેઠ સુદ પૂનમ તા. ૯-૬-૨૦૧૭ના માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.

--------

તા. ૧૩-૬-૨૦૧૭ ના સ્વ. શ્રી દામજીભાઈની ૮મી પૂણ્યતીથી નિમિત્તે પ.પૂ. સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવામાં આવેલ જેમાં રતીલાલભાઈ ધ્રોળ, પ્રેમચંદભાઈ મોમાયા, શ્રીમતી ખમાવંતીબેન ખોના, તબલા વગાડનાર શ્રી મહેન્દ્રભાઈ લોડાયા સારી રમઝટ બજાવેલ. ગાયોને ઘર્મ (ચારો), પક્ષીઓને ચણ, કુતરાને રોટલા નાખવામાં આવેલ. તથા માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

## ગાંધીધામ સમાચાર

શ્રી ક.દ.ઓ. એકતા મહિલા મંડળ દ્વારા મ્યુઝીકલ ઓડીઓ, વિડીઓ અંતાક્ષરીનું આયોજન તા. ૧૮ જુનના રોજ કરવામાં આવ્યું હતું. અંતાક્ષરીનું સંચાલન મંડળના ઉપપ્રમુખ દિપ્તીબેન ધરમશી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ પ્રમુખ મિનાબેન લાલકાએ સૌને આવકાર્યા હતા. અંતાક્ષરી રમાડવા માટે ડૉ. હિરેન મહેતા અને તેમના પત્નિ ડૉ. સ્વાતી મહેતા આવ્યા હતા. કુલ ૪૮ ભાગ લેનારામાંથી નીચે પ્રમાણે વિજેતા બન્યા હતા.

વિજેતા ટીમ : મસ્તાને - ૧) આદિતી લોડાયા, ૨) રૂચીતા નાગડા, ૩) શિતલ મોતા. પ્રથમ રનર અપ : દિવાને - ૧) હિતેન છેડા, ૨) જાગૃતી મોતા, ૩) નિતાબેન દંડ. દ્વિતીય રનર અપ : પરવાને - ૧) નિતા લોડાયા, ૨) મીરા લોડાયા, ૩) વિપુલ લાલકા. તૃતીય રનર અપ : અફસાને - ૧) વિશાલ શાહ, ૨) ધ્વનિ લોડાયા, ૩) હરિન છેડા

લિપીકા મૈશેરીએ આભાર વિધી કરી હતી. મંડળના કલ્પના મોતા, દિપ્તી લોડાયા, ભાવિની દંડ, ફાલ્વી લોડાયા, મૃદુલા નાગડાએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત લીધી હતી.

## સમસ્ત લીડરશીપ સમીટ ૨૦૧૭ દશાઓને નવી દીશા દાખવશે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તરફથી લીડરશીપ સમીટ ૨૦૧૭ રવિવાર તા. ૧૮/૦૬/૨૦૧૭ ના હૉટલ રમાડા, પવઈ મુંબઈમાં સુપેરે સફળ સંપન્ન થયું.

આધુનિક ઊપકરણો, અને તાજગીસભર સૌ ને ગમે અને સૌ સંકળાય એવી આગવી રીતે જ્ઞાતિના પ્રશ્નો, પડકારો અને ઉજ્જવલ આવતીકાલ માટે શૉર્ટ ફિલ્મ વિડીઓ ક્લીપીંગ તથા ચર્ચા અને પ્રશ્નોત્તરીના માધ્યમે વિચારવલોણું થયું અને ૭૦ થી વધુ મહાજનોના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, મહાસમિતીના પ્રતિનીધીઓ, નિરીક્ષકો સહિત ૩૦૦ થી વધુ ડેલીગેટ્સની ઉત્સાહવર્ધક અને જિજ્ઞાસાભરી ઉપસ્થિતીમાં સવાર થી સાંજ સુધીના મનોમંથન, અને અગાઉથી મહાજનો પાસેથી મંગાવાયેલ પ્રશ્નોત્તરીના અભ્યાસ બાદ આંતરાષ્ટ્રીય પ્રશિક્ષક શ્રી નિર્મલ પારેખ અને ટીમ દ્વારા જ્ઞાતિનું વિઝન તૈયાર કરવામાં આવ્યું અને ગોલ્સ નક્કી કરવામાં આવ્યા.

લક્ષ્યાંક ને પ્રાપ્ત કરવા, ગવર્નીંગ કાઊન્સીલ, સેક્રેટરીયેટ અને વિભિન્ન સમિતીઓના ગઠનની રજુઆત પણ થઈ હતી. સંયોજક અને સહ સંયોજક તરીકે શ્રી નિશીથભાઈ દંડ અને રાજેશભાઈ મોમાયાની જહેમત લેખે લાગી હતી. પ્રારંભે, નવકાર મંત્રના સ્મરણ બાદ, સમસ્ત મહાજનના ટ્રસ્ટીશ્રી ચન્દ્રસેનભાઈ મોમાયાને મૌન પાળી ઋણાંજલી આપવામાં આવી. રાષ્ટ્રગીતના ગાન સાથે સમીટનું સમાપન થયેલ.

ટ્રસ્ટ મંડળ ઉપરાંત ક.દ.ઓ વિદ્યાર્થી મંચ તથા શ્રી વિરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ અને કન્યા છાત્રાલયની યુવા ટીમનો ઉત્કૃષ્ટ સહયોગ સમગ્ર આયોજનને સફળતા આપવવા ઉપયોગી સાબીત થયો. ૧૬ જણાની આ ટીમએ જ્ઞાતિમૈયાની સેવાની સાથે સાથે પોતે પણ કંઈક મેળવ્યાનો અને સહભાગી થવાનો હર્ષ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. એ પછી મહાસમિતિની સભા પણ એજ સ્થળે મળી હતી.

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ગૌતમ પ્રતાપસિંહ શાહ (લોડાયા)**<br>(PS 7317) | સી-૫૦૨, ગજાનન હિલ, લાંભા વાટવા રોડ, દેવીની સ્કુલ પાસે,<br>અમદાવાદ - ૩૮૨ ૪૪૦. મો.: ગૌતમ ૦૯૮૩૩૪ ૦૫૧૫૬, ૦૭૯૭૭૪ ૫૭૨૩૦<br>ધવલ ૦૯૭૬૮૯ ૬૨૨૬૮, ૦૮૩૬૯૯ ૨૮૦૦૧, નયન ૦૯૮૧૯૫ ૫૧૪૧૧, ૦૮૧૨૮૮૪૪૩૯૨ |
| **અલ્પેશ દિનેશ લાપસીયા**<br>(PS 7314) | ૬૦૩, અનંત છાયા, ૬ઠે માળે, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો.: ૯૮૧૯૦ ૦૯૪૯૩ |
| **હીરાચંદ શામજી શાહ (દંડ)**<br>(PS 847) | ૫૦૩, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૬ ૨૦૭૫ |
| **શ્રીમતી ગોપી સંજય લોડાયા**<br>(PS 892) | ૧૫, ગુરૂ દર્શન, ૩જે માળે, સતીકૃપા શૉપિંગ સેંટર પાસે,<br>ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. |
| **હીરાચંદ લખમશી લોડાયા**<br>(PS 803) | ૧૩૦૩, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો.: ૭૬૬૬૧ ૯૧૬૦૫ |
| **શ્રીમતી જમકુબેન ચંદુલાલ શાહ**<br>(PS 871) **(શિયાલ)** | ૧૨૦૧, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. |
| **હેમેન્દ્ર પ્રેમજી લોડાયા**<br>(PS 2178) | ફ્લેટ નં. ૩૦૧, સી-૧, લોક એવરેસ્ટ, જે.એસ.ડી. રોડ,<br>સીમેંટ કં., સિટી ઑફ જૉયની સામે, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૮૨૦૫ ૨૨૮૩૦ |
| **શૈલેન્દ્ર જયંતીલાલ ખોના**<br>(PS 1967) | ૫૦૨, સંગીતા એન્ક્લેવ, નહેરૂ રોડ, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૮૨૩૧ ૭૦૪૭૮ |
| **દિલીપ જવેરચંદ નાગડા**<br>(PS 2712) | એ-૮૦૩, બેલેઝા, શાંતિ સદન કો.હા.સો., જી વી સ્કીમ રોડ નં. ૨,<br>મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. |
| **પ્રિયેશ લક્ષ્મીચંદ નાગડા**<br>(PS 7315) | બી-૩૦૩, મહાલક્ષ્મી પેલેસ, પ્લોટ નં. NDR-27, ડાયનામિક જીમની સામે,<br>તિલક નગર, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૮૯. મો.: ૯૮૩૩૩ ૧૬૮૬૬ |
| **વિપિન ગુલાબચંદ ભાટે (ખોના)**<br>(PS 6523) | હેમકુટીર બંગલો, સમતા નગર, ન્યુ મુંબઈ-આગ્રા રોડ,<br>નાસિક-૪૨૨ ૦૧૦. મો.: વિપિન ૯૨૨૫૧ ૧૮૭૭૭, હસુમતી ૭૭૯૮૪ ૯૫૯૮૨ |
| **રાજેશ સોમચંદ મુનવર**<br>(PS 5760) | ૩૦૭, પેરેડાઈઝ એપાર્ટમેન્ટ, ૩જે માળે, ૧લો ક્રૉસ, સત્યનારાયણ પેટ,<br>શ્રી રાઘવેન્દ્ર ટેમ્પલ પાસે, બેલારી - ૪૮૩ ૧૦૧. કર્ણાટક<br>મો.: ૯૪૪૮૪ ૮૫૮૮૮, ફોન : ૦૮૩૯-૨૨૭૩૫૦૮ |
| **શ્રીમતી નિર્મલા મુલચંદ દંડ**<br>(PS 5903) | C/o. રાજુલ એ. મોતા, બી-૬, કામધેનુ એપાર્ટમેન્ટ્સ, બીજે માળે,<br>ચકમડમ જંક્શન, મત્તનચેરી, કોચીન-૬૮૨ ૦૦૨. ફોન: ૦૪૮૪-૩૨૯૧૭૭૪ |
| **વિજય મુલચંદ દંડ**<br>(PS 7316) | બીજે માળે, ૨૮/૫૪૫, બી-૧૨, જે એમ ગાર્ડન્સ, પલ્લીકવુ ટેમ્પલ રોડ,<br>ચિન્મય વિદ્યાલય વધુથલા પાસે, કોચીન-૬૮૨ ૦૨૩.<br>મો.: વિજય ૯૩૮૮૬ ૦૦૧૦૮, તેજસ્વિની ૯૩૪૯૪ ૪૨૨૦૬ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૦૮-૦૬-૧૭ | ડોમ્બીવલી | નિહાર, મોનિકા ગિરીશ ખુશાલ મોતા | લાખણીયા | પુત્ર |
| | | **સગપણ** | | |
| ૧૯-૦૬-૧૭ | જલગામ | સિધ્ધાંત રાજેન્દ્ર વેલજી પોલડીયા | બાયઠ | ૨૫ |
| | અંજાર | મીરલ વિજય જવેરચંદ મુનવર | કોઠારા | ૨૫ |
| | | **આંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૧૬-૦૬-૧૭ | ઈન્દોર | મયંક નરેશ ભવાનજી નાગડા | લાલા | ૨૫ |
| | ખંડવા | સાક્ષી પ્રવિણ બાબુલાલ સોની | ખંડવા | ૨૪ |
| | | **લગ્ન** | | |
| ૧૯-૦૬-૧૭ | અમદાવાદ | રાકેશ વાલજી હીરજી છેડા | જશાપર | ૪૧ |
| | સૈલુ (વાપી) | જીગ્ના ગિરીશ મેઘજી લોડાયા | રવા | ૩૬ |
| | | **મરણ** | | |
| ૧૫-૦૬-૧૭ | શ્રીગંગાનગર | હંસરાજ માણેકજી ટોકરશી બોરીચા | બાયઠ | ૮૩ |
| ૧૬-૦૬-૧૭ | પૂના | લીલાવંતી રતિલાલ ધરમશી | ગોએરસમા | ૬૭ |
| ૨૦-૦૬-૧૭ | ડોમ્બીવલી | વિનોદ લાલજી દામજી નાગડા | રંગપુર | ૬૬ |

# ભાવપૂર્ણ આદરાંજલિ



## સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા

ઘાટકોપર - વરાડીયા

જન્મ : તા. ૧૪-૬-૧૯૫૫
અરિહંત શરણ : તા. ૧૭-૬-૨૦૧૭

હજુ હમણાંજ આપશ્રીએ
જીવનયાત્રાના ૬૨ વર્ષ પૂર્ણ કર્યા હતા.
ને સાવ અચાનક અમારી વચ્ચેથી
વિદાય લઈ લીધી.
પ્રકાશ સમીક્ષાના સહતંત્રી તરીકે આપશ્રીએ
આપેલી સેવા હંમેશા યાદ રહેશે.
કે.ડી.ઓ સમસ્ત મહાજન ટ્રસ્ટી,
જાગૃત પત્રકાર તથા નીડર સમાજ સેવક
તથા કોઈપણ જાતની સ્વઅપેક્ષા રહિત
ફક્ત જ્ઞાતિના હીતની ચિંતા કરનાર
એવા આપશ્રીની વિદાય સાવ અણધારી છે.
આપના ઉચ્ચ આત્માની શાંતિ માટે
પ્રભુ ચરણે પ્રાર્થના

**ચિંતન ગ્રાફિક્સ પરિવાર**
ઘાટકોપર

# ભાવપૂર્ણ પુષ્પાંજલિ



## સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા

ઘાટકોપર - વરાડીયા

જન્મ : તા. ૧૪-૬-૧૯૫૫
અરિહંત શરણ : તા. ૧૭-૬-૨૦૧૭

મૃત્યુ એ અંતિમ સત્ય છે એ ખરૂં
પરંતુ સાવ અચાનક પ્રગટતું સત્ય
ક્યારેક આઘાત આપી જાય છે.
આપની વિદાય પણ અમારા સૌના માટે સાવ
અણધારી તથા દુઃખદ છે.
પ્રકાશ સમીક્ષાના સહતંત્રી તથા
સમસ્ત મહાજનના ટ્રસ્ટી તરીકે
આપશ્રીએ આપેલી બહુમુલ્ય સેવાઓ
સદા યાદ રહેશે.
આપની આત્મશાંતિ માટે પ્રભુ ચરણે
પ્રાર્થના સહ ભાવપૂર્ણ પુષ્પાંજલિ....

**વિનોદભાઈ વીરચંદ ડાઘા**
મુલુંડ - વરાડીયા

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (26-06-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

*For the one who continues to live in our hearts*



## *Hirachand Jivraj Maheshwari*
## *1942 - 2008*

*Your majestic ways,*
*Your benign heart,*
*Your loving nature,*
*Your grandeur will*
*Continue to inspire us.*

***Kalpana H Maheshwari***
***Family and friends***

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,